# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
# જૂનાગઢ–૩૬૨૦૦૧ (ગુજરાત)

## :: કાર્યાલય આદેશ ::

રાજય સરકારશ્રી દ્વારા નેશનલ મીશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર (NMSA) યોજના હેઠળ સોઈલ હેલ્થ કાર્ડ અંતર્ગત ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે તા. ૧૧/૦૨/૨૦૧૯ થી ૧૬/૦૨/૨૦૧૯ દરમ્યાન રાજયના તમામ તાલુકાઓમાં તાલુકા દીઠ ૬ (છ) ગામોમાં " સોઈલ હેલ્થ કાર્ડ જાગૃતિ અભિયાન"ના ભાગરૂપે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સામેલ લીસ્ટ મુજબના વૈજ્ઞાનિકશ્રીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આથી સર્વે વૈજ્ઞાનિકશ્રીઓએ તેમાં દર્શાવેલ વિગતે અને દર્શાવેલા કાર્યક્રમના સ્થળે જવાનું રહેશે.

" સોઈલ હેલ્થ કાર્ડ જાગૃતિ અભિયાન" અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની કામગીરીના સંકલન માટે આપની જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રી તરીકે નિમણુંક કરવામાં આવે છે. જે અન્વયે કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના સંપર્કમાં રહી વૈજ્ઞાનિકોની કામગીરીના સંકલન અંગેની કામગીરી કરવાની રહેશે.

રાજય સરકારનો આ ખૂબજ મહત્વનો કાર્યક્રમ હોઈ, સમગ્ર કામગીરી ઉત્સાહ અને ખંતથી બજાવવા તેમજ લોકભોગ્ય / ગામઠી ભાષામાં સોઈલ હેલ્થ કાર્ડ અને તેની ઉપયોગીતા અંગે માર્ગદર્શન, ખાતરનો કાર્યક્ષમ અને કરકસરયુકત ઉપયોગ વગેરે વિષયોની અદ્યતન માહિતી આપવાની ખાસ તકેદારી રાખવા આથી જણાવવામાં આવે છે. આ અંગેની માહિતી ઈ–સાહિત્યરૂપે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવેલ છે જેનો દરેક વૈજ્ઞાનિકશ્રીઓએ અભ્યાસ કરી માહિતી ખેડૂત શિબિર દરમ્યાન આપવાની રહેશે.

જો અનિવાર્ય સંજોગોમાં કચેરી વડાશ્રી તરફથી સદરહુ આદેશમાં પોતાની કચેરીની અનુકૂળતા તેમજ કામગીરીને ધ્યાને લઈને કચેરીના અન્ય વૈજ્ઞાનિકશ્રીની સેવા ફાળવવામાં આવે તો તેની જાણ અત્રેની કચેરી તેમજ જે તે જીલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારીને કરવાની રહેશે.

વધુમાં, " સોઈલ હેલ્થ કાર્ડ જાગૃતિ અભિયાન"માં જે જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીઓની સેવાઓ ફાળવવામાં આવેલ છે તે વૈજ્ઞાનિકશ્રીઓની પ્રવાસ ડાયરી જે તે કચેરીના વડાશ્રીએ મંજૂર કરી ટી.એ./ ડી.એ.નો ખર્ચ પણ જે તે કચેરીમાં જ કરવાનો રહેશે.

***અત્રેની કચેરીની નોંધ પર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી કાર્યાલય આદેશ બહાર પાડેલ છે.***

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકશ્રીનું નામ તથા હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ૧. | અમરેલી | ડૉ. વી.એન. ગોહિલ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી | ૯૯૦૯૪ ૪૦૪૧૬ |
| ૨. | ભાવનગર | ડૉ. જી.એસ. વાળા, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર (ફળ પાકો), જૂ.કૃ.યુ., મહુવા | ૯૪૨૭૨ ૪૨૪૫૨ |
| ૩. | જામનગર, | ડૉ. ડી.એલ. કડવાણી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર | ૯૬૬૨૯ ૩૫૨૫૬ |
| ૪. | દેવભૂમિ દ્વારકા | ડૉ. કે.પી. બારૈયા, સીનીયર સાયન્ટીસ્ટ અને હેડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર | ૯૪૨૭૯ ૮૦૦૩૨ |
| ૫. | રાજકોટ | ડૉ. એચ.આર. વદર, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, સુકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા | ૯૪૨૬૫ ૪૩૬૨૮ |
| ૬. | મોરબી | શ્રી ડી.એ. સરાડવા, વિષય નિષ્ણાંતશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂ.કૃ.યુ., ગોર ખીજડીયા | ૯૪૨૬૭ ૮૪૬૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૭. | જૂનાગઢ | ડો. પી.જે. ગોહિલ, તાલીમ સહાયક(એગ્રો), વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂ.કૃ.યુ., જૂનાગઢ | ૯૪૨૮૧ ૮૮૧૨૦ |
| ૮. | ગીર સોમનાથ | ડો. એન.યુ. દાહિમા, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., કોડીનાર | ૯૯૨૫૫ ૦૪૫૭૩ |
| ૯. | પોરબંદર | ડો. આર.કે. ઓડેદરા, આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., ખાપટ | ૯૮૨૫૨ ૮૦૮૪૩ |
| ૧૦. | સુરેન્દ્રનગર | શ્રી એમ.એમ.તળપદા, સહ સશોધન વૈજ્ઞાનિક, બીટી કોટન રિસર્ચ સેન્ટર, જૂ.કૃ.યુ., કુકડા ફાર્મ, સુરેન્દ્રનગર | ૯૩૭૫૩ ૬૧૧૭૧ |

વિસ્તરણ શિક્ષણ નિયામક

જૂનાગઢ
તારીખ : ૦૭/૦૨/૨૦૧૯

જા.નં. જૂકૃયુ/ વિશિનિ / ટેક–૨ /સોઈલ હેલ્થ કાર્ડ જાગૃતિ અભિયાન/૧૨૮૧–૧૩૫૦/ ૨૦૧૯,
જૂનાગઢ, તા. ૦૭/૦૨/૨૦૧૯

**નકલ જયભારત સાથ રવાના :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૨. નાયબ ખેતી નિયામક (ખાતર), ખેતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
૩. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જૂનાગઢ/ ગીર સોમનાથ/ જામનગર/ દેવભૂમિ દ્વારકા/ પોરબંદર/ રાજકોટ/ મોરબી/ સુરેન્દ્રનગર/ અમરેલી/ ભાવનગર તરફ જાણ થવા સારૂ.
૪. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૫. સર્વે આચાર્ય અને ડીનશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૬. સર્વે મુખ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોના સંશોધન વૈજ્ઞાનિકશ્રી/ પ્રાધ્યાપકશ્રી/ કચેરીના વડાશ્રીઓ/ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના સીનીયર સાયન્ટીસ્ટ અને હેડશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
૭. સંબંધિત જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના સંપર્કમાં રહી વૈજ્ઞાનિકોની કામગીરીના સંકલન કરવા અંગે ઘટતુ થવા સારૂ.
૮. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા યોજના, જૂનાગઢ/ ગીર સોમનાથ/ જામનગર/ દેવભૂમિ દ્વારકા/ પોરબંદર/ રાજકોટ/ મોરબી/ સુરેન્દ્રનગર/ અમરેલી/ ભાવનગર તરફ જાણ થવા સારૂ
૯. સીનીયર સાયન્ટીસ્ટ અને હેડશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંબુજા સીમેન્ટ ફાઉન્ડેશન ટ્રસ્ટ, અંબુજા નગર, કોડીનાર જી. જૂનાગઢ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
૧૦. સીનીયર સાયન્ટીસ્ટ અને હેડશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી સણોસરા તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
૧૧. નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ ઈ–મેઈલ થવા સારૂ.